# પ્રાકૃતિક ખેતીમાં સુરત જિલ્લો પ્રેરણારૂપ : મોદી

**મોદીનું પ્રાકૃતિક ખેતી કોન્કલેવમાં વીડિયો કોન્ફરન્સ મારફતે સંબોધન : સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે કોન્કલેવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ ઉપસ્થિત રહ્યા : પ્રાકૃતિક ખેતી કરનારા ખેડૂતોને સન્માનિત કરાયા**








સુરત, તા. ૧૦

સુરતના આંગણે આયોજીત 'પ્રાકૃતિક કૃષિ સંમેલન'ને વર્ચ્યુઅલ સંબોધન કરતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી જણાવ્યું હતું કે, દેશનો એક વર્ગ માનતો હતો કે, ગામડાઓમાં પરિવર્તન લાવવું સરળ નથી, પરંતુ ડિજિટલ ઈન્ડિયા મિશનની સફળતાએ આ માન્યતાનો છેદ ઉડાડી દીધો છે.

આ જ રીતે સુરત જિલ્લાના ગામડાઓ અને જાગૃત કિસાનોએ સાબિત કર્યું છે કે, ગામડાઓ માત્ર પરિવર્તન લાવી શકતા નથી, પણ પરિવર્તનનું નેતૃત્વ પણ કરી શકે છે.

પ્રાકૃતિક ખેતી એ ધરતી અને ગૌમાતા, પર્યાવરણ-પ્રકૃતિની સેવા છે એમ જણાવી પ્રધાનમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતી થકી જમીનની ગુણવત્તા, તેની ઉત્પાદકતા અને રક્ષણ માટે નિમિત્ત બનવા આહવાન કર્યું હતું

તેમણે એમ પણ કહ્યું કે, આઝાદીના અમૃત કાળમાં પ્રાકૃતિક કૃષિ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને જીવનશૈલી સહિત અનેકવિધ મોડેલ પર આગવું આયોજન કર્યું છે, જે આવનારા સમયમાં મોટા ફેરફારોનો આધાર બનશે.'

સૌના સાથ અને સૌના વિકાસ'ની ભાવના સાથે આઝાદીના અમૃત્ત કાળમાં દેશની ગતિ-પ્રગતિનો આધાર 'સૌના પ્રયાસની ભાવના' છે, જે દેશની વિકાસયાત્રાનું નેતૃત્વ કરી રહી છે એમ વડાપ્રધાનશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું

સુરત જિલ્લા વહીવટીતંત્રએ સુવ્યવસ્થિત આયોજન કરીને પ્રાકૃતિક કૃષિને જન આંદોલન બનાવવા બીડું ઉઠાવ્યું છે એ માત્ર ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે રોલમોડેલ બનવાની ક્ષમતા ધરાવે છે. સુરત જિલ્લાના ૯૯૩ ગામોની ૫૫૬ ગ્રામ પંચાયતોમાંથી કુલ ૪૧,૭૦૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિને અપનાવીને વિષમુક્ત ખેતીના નવા અધ્યાય તરફ ડગ માંડ્યા છે, ત્યારે હીરા ઉદ્યોગની ચમકથી વિશ્વ સ્તરે ઝળહળતું સુરત હવે પ્રાકૃતિક ખેતી ક્ષેત્રમાં પણ દેશને દિશા ચીંધશે એવો વિશ્વાસ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કર્યો હતો

સુરતના જાગૃત પ્રશાસકો, જન પ્રતિનિધિઓએ ગ્રામ, તાલુકા અને જિલ્લા સ્તરે સમિતિઓનું ગઠન કરી રૂટ લેવલ પર માઈક્રો પ્લાનિંગ કર્યું, કૃષિ નિષ્ણાતો અને ટ્રેનરોના અવિરત માર્ગદર્શન, તાલીમ અને શ્રેણીબદ્ધ વર્કશોપ યોજી ગામડાઓ ખૂંદયા, જેનું પરિણામ સૌની સામે છે, અને સુરતે એ સાબિત કર્યું કે, લક્ષ્ય પ્રાપ્તિ માટે દ્રઢ ઈચ્છા શક્તિ વડે સંકલ્પ કરવામાં આવે તો સફળતા અવશ્ય મળે છે એમ જણાવી સુરતના તંત્રવાહકોને આ સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

માનવજીવન અને આરોગ્ય, સમાજ અને આપણી આહારચર્યા કૃષિ વ્યવસ્થા આધારિત હોવાનું જણાવતાં વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, ભારત હંમેશાથી સ્વભાવ અને સંસ્કૃતિ થકી કૃષિ આધારિત દેશ રહ્યો છે. ધરતી માતાને ઝેરમુક્ત અને ગુણવત્તાયુક્ત રાખવાની આપણી સૌની સહિયારી જવાબદારી છે. પ્રાકૃતિક ખેતી કરનારો ખેડુત ધરતીમાતાની સેવા કરી રહ્યો છે. પ્રકૃતિ અને પર્યાવરણની સંરક્ષણ સાથે ગૌમાતાનું પણ જતન થશે. પ્રાકૃતિક ખેતી એ ખુશાલીની સાથે સર્વે ભવન્તુ સુખીનઃની ભાવનાને પણ સાકારિત કરે છે. આજે સમગ્ર વિશ્વમાં શુધ્ધ ખાનપાન વિશે ચર્ચાઓ થાય છે ત્યારે ભારત સદીઓથી તેનું નેતૃત્વ કરી રહ્યો છે. આપણા શાસ્ત્રોમાં પણ પરંપરાગત પ્રાકૃતિ આધારિત કૃષિનો અનેરો મહિમા વર્ણવાયો હોવાનું તેમણે જણાવ્યું હતું.

## સારા વરસાદને પગલે કચ્છ ખાતે નાના ડેમોમાં ૪૫.૨૧% નવા નીર આવ્યા

**નાની સિંચાઈના ૧૭૦માંથી ૪૭ ડેમો છલકાયા છે જ્યારે ૬૬ ડેમમાં નવાં નીરની અંશતઃ આવક થઈ રહી છે**

કચ્છ, તા.૧૦

સમગ્ર રાજ્યમાં સારા વરસાદને લઈને ખુશીની લાગણી જોવા મળી રહી છે, ત્યારે કચ્છમાં વરસાદી દેવે જાણ મન મુકીને આર્શીવાદ આપ્યા હોય તેવુ લાગી આવે છે. કચ્છના અનેક તાલુકામાં સાંબેલાધાર વરસાદ વરસી રહ્યો છે. કચ્છના નાના ડેમોમાં ૪૫.૨૧% નવા નીર આવ્યા છે. જેના કારણે નાની સિંચાઈના ૧૭૦ માંથી ૪૭ ડેમો છલકાયા છે. જ્યારે ૬૬ ડેમમાં નવાં નીરની અંશતઃ આવક થઈ રહી છે. આ સિવાય અબડાસાના ૧૯, લખપતના ૧૧, નખત્રાણાના ૧૦, માંડવીના સાત છલકાયા હોવાની માહિતી મળી રહી છે.

કચ્છમાં અષાઢમાં અનરાધાર વરસેલા મેઘાએ નાની સિંચાઈના ૧૭૦ ડેમમાંથી ચાર તાલુકાના ૪૭ ડેમને છલકાવી દીધા છે, તો જિલ્લાભરના ૬૬માં નવા નીરની આવક થઈ છે. આ કચ્છના નાના ડેમાંમા ૪૫.૨૧ ટકા પાણી આવ્યું છે. ઓગની ગયેલા ૪૭ ડેમમાં સોથી વધુ અબડાસાના ૨૪ ડેમમાંથી ૧૯ ડેમમાં ઉસ્તિયા, કૂવા પધ્ધર, બાલાચોડ, સરગુઆરા, બુરખાણ, ભારાપર, સુથરીનું બળવંત સાગર, વાઘા પદ્ધર, બુટા, કાલરવાંઢ, મંજલ રેલડિયા, ગોયલા, વમોટી, સણોસરા, કાપડીસર, વાયોર, ચકુડા બાંડિયા, નાની બેર અને પિયોણીનો સમાવેશ થાય છે.

## દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ

**વરસાદથી વલસાડ, તાપી અને નવસારીમાં નદી-નાળા છલકાયા : ઘરોમાં તથા દુકાનોમાં પાણી ઘૂસી જવાથી લોકોને નુકસાન વેઠવું પડ્યું છે : NDRFની ટીમોને પણ ઉતારી દેવાઈ છે**

વલસાડ, તા.૧૦

વલસાડ, તાપી અને નવસારીમાં અતિભારે વરસાદના કારણે નદી-નાળા છલકાયા છે, રસ્તા પર પણ જાણે નદીઓ વહેતી હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આવામાં આગામી સમયમાં પણ ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. દક્ષિણ ગુજરાતમાં થયેલા ભારે વરસાદના લીધે નવા નીરની નદીઓમાં આવક થઈ છે પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી જવાની સમસ્યા ઉભી થઈ છે. વલસાડ, તાપી અને નવસારીમાં અતિભારે વરસાદના કારણે નદી-નાળા છલકાયા છે, રસ્તા પર પણ જાણે નદીઓ વહેતી હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આવામાં આગામી સમયમાં પણ ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. દક્ષિણ ગુજરાતમાં થયેલા ભારે વરસાદના લીધે નવા નીરની નદીઓમાં આવક થઈ છે પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોના ઘરોમાં પણ પાણી ઘૂસી જવાની સમસ્યા ઉભી થઈ છે. ભારે વરસાદના કારણે અહીં દ્ગઙ્ઘઇહ્લની ટીમોને પણ મદદ માટે ઉતારવામાં આવી છે.

ઓરંગા નદીમાં ભારે પૂરની સ્થિતિનું નિર્માણ થતાં અહીં રેતી ખનનનું કામ કરતી વ્યક્તિ ફસાઈ ગઈ હતી. અચાનક નદીમાં પાણીનું જોર વધતા ત્નઝ્રમ્ ફસાઈ ગયું હતું અને તેમાં રહેલી વ્યક્તિ જીવ બચાવવા માટે વાહનની ઉપર ચઢી ગઈ હતી. આ પછી દ્ગઙ્ઘઇહ્લની ટીમને માહિતી મળતા આ વ્યક્તિને બચાવી લેવામાં આવી છે.

વલસાડમાં નીચાણવાળા વિસ્તારમાં આવેલા ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, આવામાં લોકો પોતાની ઘરવખરીને ભીની થતા બચાવવા માટે તેને ઉપર મૂકી રહ્યા છે આમ છતાં ઘરનો બધો સામાન બચાવવો મુશ્કેલ છે. ભારે વરસાદ થતા હવે લોકોની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. નદીઓમાં પણ

ઘોડાપૂર આવતા રહેણાક વિસ્તારોમાં પાણીનું જળસ્તર વધી રહ્યું છે. કાશ્મીરા નગરમાં ઢિંચણસમા પાણી ભરાઈ જતા રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

## ઓરંગા નદીમાં ૧૫ કલાકથી ફસાયેલા વ્યક્તિને બચાવાયો

**એનડીઆરએફની ટીમે મહામહેનતે વ્યક્તિને બચાવ્યો : ઓરંગા નદીમાં પાણીની આવક વધી હતી તે દરમિયાન ખનન કરતું જેસીબી પાણીના પ્રવાહમાં ફસાયું હતું**

વલસાડ, તા.૧૦

દક્ષિણ ગુજરાતમાં સતત વરસાદ વરસી રહ્યો છે. ત્યારે ઓરંગા નદીમાં પાણીની આવક વધી ગઇ હતી. તે દરમિયાન નદીમાં ખનન કરતું જેસીબી પાણીના પ્રવાહમાં ફસાયું હતુ. એનડીઆરએફની ટીમે મહામહેનતે જેસીબી સાથે ફસાયેલા વ્યક્તિને બચાવી લેવામાં આવ્યું છે. આ અંગે એનડીઆરએફના અધિકારી વિજયકુમારે જણાવ્યુ કે, બચ્યાં બાદ વ્યક્તિએ જણાવ્યું કે, હું અહીં ૧૫થી ૧૬ કલાક સુધી ફસાયેલો હતો. મેં બચવાની આશા જ છોડી દીધી હતી. પરંતુ એનડીઆરએફની ટીમને જોઈને મને આશા જાગી. આ સાથે અધિકારી જણાવ્યુ કે, આ હાર્ડ રેસ્ક્યૂ હતુ. અમારી ટીમના ૭૦થી ૭૫ લોકોએ મળીને રેસ્ક્યૂ કર્યું છે. ઓરંગા નદી કિનારે આવેલા વલસાડના કશ્મીરાનગર, બરૂડિયાવાડ અને ગોળીબાર વિસ્તાર સહિતના વિસ્તારોમાં નદીના પાણી પ્રવેશ્યા હતા. જેની જાણ થતા જ સંબંધિત વિભાગની અધિકારીઓ જે તે અસરગ્રસ્ત વિસ્તારમાં પહોંચી અને લોકોને સલામત સ્થળે ખસેડવા માટેની પ્રક્રિયા શરૂ કરી હતી ઘરોમાં પાણી પ્રવેશતા જ સમગ્ર વિસ્તારોમાં દોડ ધામ મચી ગઈ હતી. લોકો પોતાનો સરસામાન બચાવી અને સલામત સ્થળે ખસી રહ્યા છે. તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારના લોકોને રાખવા માટે સેલ્ટર હોમ બનાવવામાં આવ્યા છે.

## સીંગતેલમાં એક જ દિવસમાં રૂપિયા ૩૦નો ભાવ વધારો

**કપાસિયા તેલમાં રૂપિયા ૩૫નો વધારો : ખાદ્યતેલોમાં ભાવવધારાના કારણે ગૃહિણીઓના બજેટ ખોરવાઈ ગયા**

રાજકોટ, તા.૧૦

મોંઘવારીના માર વચ્ચે પીસાતી પ્રજાને આજે એક માઠા સમાચાર આવ્યા છે. આજે ખાદ્યતેલોમાં તોતિંગ ભાવવધારો ઝીંકવામાં આવ્યો છે. સિંગતેલ અને કપાસિયા તેલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. સીંગતેલમાં એક જ દિવસમાં રૂપિયા ૩૦નો ભાવ વધારો ઝીંકાયો છે, જ્યારે કપાસિયા તેલમાં રૂપિયા ૩૫ નો વધારો કરાયો છે અને પામતેલમાં રૂપિયા ૨૫નો ભાવ વધારો કરાયો છે. ખાદ્યતેલોમાં ભાવવધારો થતા સીંગતેલમાં એક જ દિવસમાં રૂપિયા ૩૦નો ભાવ વધારો કરાતા સીંગતેલનો ડબ્બો રૂપિયા ૨૭૫૦ એ પહોંચ્યો છે, જ્યારે કપાસિયા તેલમાં રૂપિયા ૩૫ નો વધારો થતા કપાસિયા તેલનો ડબ્બો રૂપિયા ૨૫૦૦ એ પહોંચ્યો છે. પામતેલમાં રૂપિયા ૨૫નો ભાવ વધારો થતાં પામતેલના ડબ્બોનો ભાવ ૧૯૨૫ થી ૧૯૩૦ સુધી પહોંચ્યો છે. કેન્દ્ર સરકારની તેલો ભાવ રાહતની સૂચના પછી ખાદ્યતેલોમાં રૂપિયા ૧૫ થી ૩૫નો ભાવ વધારો કરાયો છે. જ્યારે સનફલાવરઅને વનસ્પતિ ઘી સહિતના ભાવ યથાવત રહ્યા છે.

## ભાવનગર અમદાવાદ શોર્ટરૂટ પર ગોઝારો અકસ્માત સર્જાયો

**ટ્રક અને ઇકો કાર અથડાઈ હતી : કારમાં સવાર ભાવનગરના શિહોરના પરિવારના ત્રણ સભ્યોના ઘટના સ્થળે મોત થયા**

ભાવનગર, તા.૧૦

રાજ્યમાં અકસ્માતોની સંખ્યા વધી રહી છે, ત્યારે ભાવનગર અમદાવાદ ટૂંકા માર્ગે ગોઝારો અકસ્માત થયો છે. અમદાવાદના ધોલેરા પીપળી નજીક ટ્રક અને ઈકો કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે.

આ ઘટનામાં અકસ્માતમાં ત્રણ વ્યક્તિના ઘટના સ્થળે મોત થયું છે. ચાર વ્યક્તિને ગંભીર ઈજા થઈ છે, જેમણે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવા તજવીજ હાથ ધરવામાં આવી છે. ત્રણ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘાયલ વ્યક્તિઓને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં ભોગ બનનાર ભાવનગરના શિહોરનો પરિવાર છે. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, ભાવનગર અમદાવાદ હાઈ-વે પર અમદાવાદના ધોલેરા પીપળી નજીક ટ્રક અને ઈકો કાર ધડાકાભેર અથડાઈ હતી. જેમાં ઈકો કારમાં સવાર ભાવનગરના શિહોરના પરિવારના ત્રણ સભ્યોના ઘટના સ્થળે મોત નિપજ્યા છે, જ્યારે ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમણે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

**ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયા**

### આશીર્વાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્મૃતિમાં, તેમની ભક્તિમાં તે નાના બાળકની જેમ ઉત્સાહિત થઈ જતા હતા. ભક્તિની એવી નિશ્ચલતા અને શક્તિની સાધનાનો એવા સામર્થ્ય, સ્વામી આત્મસ્થાનંદમાં પણ જોવા મળી હતી. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે છેલ્લી ક્ષણ સુધી સ્વામી આત્મસ્થાનંદનો મારી પર આશીર્વાદ છે અને હું તે અનુભવ કરી રહ્યો છું કે સ્વામીજી મહારાજ ચેતન સ્વરૂપમાં આજે પણ અમને આશીર્વાદ આપી રહ્યા છે. મને ખુશી છે તેમના જીવન અને મિશનને જન-જન સુધી પહોંચાડવા માટે આજે બે સ્મૃતિ સંસ્કરણ, ચિત્ર જીવન અને ડોક્યુમેન્ટ્રી પણ રીલિઝ થઈ રહી છે.

પીએમ મોદીએ કહ્યું કે સંન્યાસી માટે જીવ સેવામાં પ્રભુ સેવાને જોવી, જીવમાં શિવ જોવા, એ જ સર્વોપરિ છે. આ મહાન સંત પરંપરાને, સન્યસ્થ પરંપરાને સ્વામી વિવેકાનંદજીને આધુનિક રૂપમાં ઢાળી. સ્વામીજીએ પણ સન્યાસના આ સ્વરૂપને જીવનમાં જીવ્યું, અને ચરિતાર્થ કર્યું.

### મંદ મિજાજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સતત મેઘરાજાના આગમનની આશ જન્માવી રહ્યા હતા. જો કે મોડી સાંજ સુધી વરસાદ વરસ્યો ન હતો. છેલ્લા એક સપ્તાહથી વરસાદી નઝારો રોજ જોવા મળે છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. વિજચમકારા અને વાદળ ગર્જના સાથે વરસાદી માહોલ પણ સર્જાય છે. પરંતુ વરસાદ ઝરમરિયા છાંટા વરસાવી આગળ વધતો નથી. સેકટરોમાં ઠેર ઠેર ભીંજાયેલા માર્ગો અને કાદવ કિચ્ચડ વચ્ચે કેટલાક ઠેકાણે વરસાદી પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડે છે. વરસાદી વાતાવરણ અને ભીંજારા વચ્ચે મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. આ ઉપરાંત સેકટરોમાં વરસાદી સમસ્યાઓની પણ ભરમાર જોવા મળી રહી છે. માર્ગો પણ ઉબડ ખાબડ જોવા મળી રહ્યા છે. કેટલાક ઠેકાણે માટી પોલાણ થયુ છે. જેના લીધે સેકટરવાસીઓ માટે ભયજનક સ્થિતિ સર્જાઇ છે. શહેરમાં આજે દિવસ દરમિયાન ૮ મી મી વરસાદ નોંધાયો હતો. જયારે અત્યાર સુધી સિઝનનો ૮૩ મી મી વરસાદ માંડ થયો છે. અત્યાર સુધી એકધારો એક ઈંચ વરસાદ પણ થયો નથી. ટીપ ટીપે વરસતા મેઘરાજાના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અનુભવ કરી રહ્યા છે.

### મતનું મૂલ્યુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહિ એન.ડી.એ.ના ઉમેદવાર સુશ્રી દ્રૌપદી મુર્મુ સરસાઈ મેળવશે તે વાત સ્પષ્ટ છે. તેઓ સભ્યોને મળવા આજ કે કાલે આવી પહોંચશે. તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ધારાસભ્યોની બેઠક કરી મતદાન તેમની તરફેણમાં કરવા અપીલ કરશે.

બીજી તરફ વિપક્ષના ઉમેદવાર યશવંત સિંહા ગુજરાતનો પ્રવાસ આ સપ્તાહમાં જ કરીને ગયા છે. તેમણે વિપક્ષના તમામ મત તેમને મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

### કબજો મેળવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે નવા આવાસો બાંધવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે સેકટરોના આવાસોમાં પેટાભાડુઆતોનો વસવાટ ન રહે તેમજ અન્ય બંધ હાલતમાં બિન ઉપયોગી મકાનો પણ ન જોવા મળે તે માટે હવે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી નવતર આયોજન કરાયુ છે. સે-૬ માં પણ નવા આવાસોની કોલોનીમાં આ પ્રકારના ૩૦ મકાનો હોવાનુ સ્પષ્ટ થયુ હતુ જયારે બંધ મકાનના મામલે જરૂર જણાંય તો ફાળવણી રદ કરીને સીધો કબજો મેળવવાની પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જયારે આ પ્રકારના કિસ્સામાં માર્કેટ રેટ મુજબ ભાડુ વસુલવા સહીતના પગલા પણ લેવામાં આવશે.

### સંક્રમણ ઘટ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાયસણમાં ૩ કેસ, કુડાસણ અને પેથાપુરમાં ૨-૨ કેસ તેમજ સે. ૨, ૩, ૭, ૨૯ અને બોરીજ, રાંધેજામાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેર-જિલ્લામાં ધીમી ગતિએ હોસ્પિટલાઈઝેશન શરૂ થયુ છે. તંત્ર તેને લઈ ચિંતાતુર છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે એક્ટીવ કેસની સંખ્યા ૧૫૬ જેટલી થઈ છે. શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે સઘન સર્વેલન્સ વધારવા માટેની સૂચનાઓ આપી છે.

### પહેલું કિરણ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

ભારત સરકારના આરોગ્ય વિભાગ સાથે બંને બહેનો સતત સંપર્કમાં છે. પોતાના પૈસે બંને બહેનો અત્યાર સુધી લગભગ ૨૫ વખત નવી દિલ્હી જઈ આવ્યાં છે. સરકાર એટલે સરકાર. વહીવટી અધિકારીઓ નિયમોમાં માને. પ્રેમ, સંવેદના કે કરુણા સાથે તેમને સહેજે ના બને. આ બન્ને બહેનો આકો આખો દિવસ જે તે અધિકારીની ચેમ્બરની બહાર બેસીને પોતાનો વારો આવે તેની રાહ જુએ. એક વખત તો આખો દિવસ જમ્યા વિના બેસી રહ્યાં તો સાંજે સ્મિતાબહેનને ચક્કર આવી ગયા. જોકે સારું કામ કરવાનું હોય તે એમને એમ નથી થતું. અનેક અંતરાયો અને પડાકારોનો સામનો કરવો જ પડે છે. બન્ને બહેનો મજબૂત છે.

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય દ્વારા આરબીએસએ નામનો એક ઉત્તમ કાર્યક્રમ ચાલે છે. તેમાં ૩૦ રોગોનો સમાવેશ થયો છે. આ બંને બહેનો બાળકોમાં થતા ડાયાબિટીસ રોગનો તેમાં સમાવેશ કરાવવા મથી રહી છે. આ ઉપરાંત તેઓ ઈચ્છે છે કે ભારત સરકાર દ્વારા એવી નીતિ બનાવવામાં આવે કે સરકાર પોતે આવા બાળકોની સઘન તપાસ કરે અને તેને સારવાર આપે. એ માટે પણ આ બંને બહેનો કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી મનસુખ માંડવિયા સાથે સતત સંપર્કમાં રહીને પ્રયાસ કરે છે.

લોકડાઉનમાં આ બંને બહેનોએ અભૂતપૂર્વ કાર્ય કર્યું હતું. ગુજરાતનાં આવાં બાળકોને તેમણે પોતાના પૈસે દવાઓ તથા મેડિકલ કીટ એનાયત કરી હતી.

બંને બહેનોનાં હૃદય પ્રેમ અને સંવેદનાથી ભરેલાં છે. તેઓ એવી ઈચ્છા રાખે છે કે ભારતનું એક પણ બાળક ડાયાબિટીસના રોગ-સ્થિતિથી પીડાતું હોવું જોઈએ નહીં, અને જે બાળકોને ડાયાબિટીસ થયો છે એ બાળકોને સમયસર અને યોગ્ય સારવાર મળવી જ જોઈએ. તેઓ ભારતમાં એવી સ્થિતિનું નિર્માણ કરવા માગે છે. તેમની પ્રતિબદ્ધતા જોતાં તેઓ આ સ્થિતિ લાવીને જ રહેશે.

ખરેખર ડૉ. સ્મિતાબહેન જોષી અને ડૉ. શુક્લાબહેન રાવલ ગૌરવ થાય તેવું કાર્ય કરી રહ્યાં છે.

ડૉ. સ્મિતાબહેન જોષીનો સંપર્ક નંબર ૯૦૯૯૦ ૬૮૨૮૩ છે. ફોન કરીને તેમને ચોક્કસ શુભકામનાઓ આપજો, તેમને પોરો ચડાવજો. તેમનો જુસ્સો વધારજો. તેમને આપણા બધાની શુભકામનાઓ, આશીર્વાદ, સહયોગ અને હૂંફની ઘણી જરૂર છે.

### મારી સમસ્યા

● અનુસંધાન બીજાનું ચાલુ

રીસરફેસિંગ થયું નથી જેને કારણે કેટલાક રસ્તાઓ પર તો વારંવાર વાહનોના ટાયર પંકચર થવાની ઘટનાઓ સર્જાય છે. સેક્ટરમાં અનેક દિશાસૂચક સાઈનબોર્ડ્સ તુટી ગયાં છે જેનું નવીનીકરણ કરવામાં આવતું નથી. આ ઉપરાંત સેક્ટરની ખુલ્લી જગ્યાઓમાં વધી રહેલી ઝૂંપડપટ્ટીને કારણે વારંવાર માથાભારે તત્વોની હેરાનગતિ વધી રહી છે. "

સે.૮ વસાહત મંડળના પ્રમુખ નિલેશભાઇ પટેલના જણાવ્યાં અનુસાર "સે.૮માં રખડતાં ઢોર અને શ્વાસ સાથે આંતરિક સાફસફાઈમાં બેદરકારીનો પ્રશ્ન પણ સતાવી રહ્યો છે. સેક્ટરમાં અનેક સ્થળે ગટર-પાણી સહિતના કાર્યો માટે કરવામાં આવેલા ખોદકામ બાદ અપૂરતા માટી પુરાણના કારણે સામાન્ય વરસાદમાં પણ ભૂવા પડી રહ્યાં છે. એકતા ચોક વિસ્તારમાં પાણીના ભરાવાથી વસાહતીઓ ત્રસ્ત છે." વધુ એક અગ્રણી વસાહતી કિરીટસિંહ સિસોદિયા જણાવ્યું હતું કે "સે.૮માં વોટર ડેટા સેન્ટર પાસેની ઝુપડપટ્ટીમાં ગેરકાયદેસર ઢોરવાડા વિકસ્યાં છે જેના કારણે સેક્ટરમાં રખડતા ઢોરનો પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે આ ઉપરાંત સેક્ટરના કેટલાક બગીચાઓ ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. સે.૮બીમાં છેલ્લા બે માસથી પાણીનો ફોર્સ ધીમો આ સમસ્યા સતાવી રહી છે અને સેક્ટરમાં અનેકવાર સ્ટ્રીટલાઈટ બંધ હોવાની સમસ્યા થાય છે". હું સાથે સેક્ટરના મધ્યમવર્ગમાં તાલમેલ ઘણો છે પરંતુ વીઆઈપીઓ સામાન્ય વર્ગ સાથે ભળતાં નથી સેક્ટરવાસીઓને તેનો વસવસો છે.

**પ્રતિભાવો આવકાર્ય** : samirtalod@gmail.com